Khumansinh K. Vansia
Ex. Minister, Govt. of Gujarat.

તા.૦૮/૦૬/૨૦૨૩

પ્રતિ,
શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ
માન.મુખ્યમંત્રીશ્રી ગુજરાત
માન.મુખ્યમંત્રીનું કાર્યાલય
સ્વર્ણીમ સંકુલ-૧
સચીવાલય,ગાંધીનગર

વિષય : ગુજરાતનાં યુવાનમાં વધતા જતાં હૃદયરોગના હુમલા અંગે સરકાર ધ્વારા ઉચ્ચસ્તરીય તપાસ કરવા બાબત

સંદર્ભ : (૧) તા.૨૫/૦૪/૨૦૨૩ ના ગુજરાતમિત્રના સમાચાર અન્વયે...
(૨) તા.૦૭/૦૬/૨૦૨૩ ના દિવ્યભાસ્કર,ગુજરાત સમાચાર,સંદેશ પેપરના સમાચાર અન્વયે...

મહોદયશ્રી,
સાદર નમસ્કાર,

સવિનય સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભે આપ સાહેબને જણાવવાનુ કે ગુજરાતમાં છેલ્લા છ માસથી હૃદયરોગના હુમલાથી ૫૦ વર્ષથી અંદરના યુવાધનના આકસ્મીક અવસાનના સમાચારો જાણવા મળે છે ત્યારે લોકોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે ૨૫/૦૪/૨૦૨૩ ના સુરતથી પ્રસિધ્ધ થતા દૈનિક ગુજરાતમિત્ર સમાચારમાં સુરતમાં ક્રીકેટ રમતા,એકસરસાઇઝ કરતાં, ડાન્સ કરતાં, યોગ કરતા, ચાલુબાઇક પર જતાં, ઘરમાં સોફા પર બેઠા બેઠા, દરજીની દૂકાને કપડા સીવડાવતાં માપ આપતા તેમજ બાથરૂમમાં નહાવા જતાં ૧૯ વર્ષીય યુવાનનુ રાજકોટમાં હાર્ટ એટેકથી અવસાન થયુ છે.સંદર્ભ ૨ માં જણાવ્યા મુજબ તાજેતરમાં જ જામનગરના નામાંકીત ડૉ.ગૌરવ ગાંધી કે જેઓ એ ૧૬૦૦૦ હાર્ટના ઓપરેશન કરેલ હતા. તેઓની જીવનશૈલી એકદમ સરળ હતી. શરીરનો બાંધો એકલવડીયો તેમજ તેમને કોઇ પણ પ્રકારનુ વ્યસન ન હતું. તેમ છતા આવી ૪૧ વર્ષની વ્યક્તિને પણ કોઇ જાતની ખબર પડયા સિવાય ઉંઘમાં જ હૃદય બંધ પડી જતુ હોય તો આ એક કિસ્સો દરેક માટે ચિંતાનો વિષય છે. તબીબી જગત તેમજ નેશનલ ઇન્ડીયન એસોસીયેશન પણ તેના વિશે વિચારણા કરી રહ્યુ છે.

આમ આપણા દેશમાં પ્રજા જીવનમાં એક ચિંતા સાથે ભયનું વાતાવરણ બને છે.જ્યારે કુલવસ્તીના ૫૦% કરતા વધુ યુવાધન છે અને આ પ્રકારે હૃદયરોગના હુમલાથી અવસાન પામે છે ત્યારે આ અંગેનુ કારણ શું હોય શકે ? જેમકે કેમીકલયુક્ત શાકભાજી ફળો, અનાજ ઝંકફુડ બહારનો ખુલ્લો ખોરાક અને કેમીકલયુક્ત દુધ,કોલ્ડ્રીક, દવાઓ એલોપેથી દવાઓ કે જે અન્ય રોગો ઉભા કરે છે. ચીન, પાકિસ્તાન કે અન્ય દેશોનુ કાવતરૂ છે? તેમાટે ઉચ્ચસ્તરીય તપાસ કમીટીની રચના કરી અને યોગ્ય તપાસ થવી જોઇએ તેવી લોકમાંગ ઉઠી છે. આ માટે જેમ બને તેમ ઝડપી નીર્ણય લઇ ઘટતુ કરવા વીનંતી છે.

આભારસહ

આપનો સ્નેહાધિન
(ખુમાનસિંહ કે વાંસિઆ)
પૂર્વમંત્રી ગુજરાત સરકાર

Office : 204, Vadilonughar, 2nd floor, Kasak, Bharuch - 392002 Gujarat ● E-mail : khumansinh_vansia@ymail.com
Ph.: (02642) 226634 M.: 09825028062

Scanned with CamScanner